JRD HC



૨૨૧૩-૨૨૫૬

ક્રમાંકઃહ–૨/સ્કો/૨૦૧૭/
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ડૉ.જી. મ. ભવન, બ્લોક નં.૧૨,
ગાંધીનગર
તા.૭ /૦૯/૨૦૧૭

પ્રતિ,

– ઉપ કુલપતિશ્રી, યુનિવર્સિટીઓ, તમામ..
– આચાર્યશ્રી, સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજો, તમામ..
– જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ..
– જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ..

વિષયઃ– રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓનો લાભ લેવા લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલ નો ઉપયોગ કરવા બાબત...

સંદર્ભઃ– શિક્ષણ વિભાગના તા.૧૪/૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃએસસીએચ/૧૧૧૬/૫૩૯/છ ઉપરના આ કચેરીના તા.૧૮/૮/૨૦૧૭ના શેરા ક્રમાંકઃહ–૨/સ્કો/૨૦૧૭/૧૬૦૭–૨૧૩૯

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજયની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓ તથા કોલેજોમાં અભ્યાસ કરતા અને યુનિવર્સિટી ખાતે સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓને રાજ્ય સરકારશ્રી તરફથી જુદી જુદી શિષ્યવૃત્તિઓ એનાયત કરવામાં આવે છે. જેમાં ઉક્ત સંદર્ભ દર્શિત ઠરાવથી સરકારશ્રીએ શિષ્યવૃત્તિઓના દર, બેઠકોની સંખ્યા અને વિધાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરવામાં આવેલ છે.

જે ઉક્ત ઠરાવ પર આ કચેરીના તા.૧૮/૮/૨૦૧૭ના શેરો કરીને અમલ માટે આપશ્રીઓને અગાઉ મોકલી આપવામાં આવેલ છે. આ ઠરાવને સદર કચેરીના પોર્ટલ " **egyan.org.in** " પર પણ મૂકવામાં આવેલ છે. જે ધ્યાને લેવા વિનંતી છે.

સદર ઠરાવમાં સમાવેશ કર્યા મુજબ સરકારી અને બિન સરકારી શાળા તથા કોલેજોના વિધાર્થીઓ અને જુદી જુદી યુનિવર્સિટીઓમાં સંશોધનનો અભ્યાસ કરતાં વિધાર્થીઓને લાગુ પડતી યોજનાનો તમામ વિધાર્થીઓ પૂરોપૂરો લાભ લઈ શકે તે માટે ગુજરાત સરકારશ્રી તરફથી એન.આઈ.સી. મારફતે ઓન લાઈન પોર્ટલ વિકસાવવામાં આવી રહેલ છે. જેનું એડ્રેસ **https://www.digitalgujarat.gov.in** છે. જે કામગીરી ટુંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. જેની આપને જાણ કરવામાં આવશે.

જેથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓના તાબા હેઠળની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓના વિધાર્થીઓ તેમજ સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોના વિધાર્થીઓ અને યુનિવર્સિટીઓમાં સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓ આ શિષ્યવૃત્તિઓનો મહત્તમ લાભ લઈ શકે તે માટે પરિપત્ર કરીને તેમજ સંસ્થાના નોટિસબોર્ડ ઉપર આ બાબત પ્રસિધ્ધ કરીને તમામ વિધાર્થીઓના ધ્યાન પર આ બાબત લાવવા જણાવવામાં આવે છે.

સરકારશ્રીની યોજનાઓનો મહત્તમ વિધાર્થીઓ પૂરેપૂરો લાભ લઈ શકે તે માટેના પ્રયત્નો કરવા જણાવવામાં આવે છે. સદર લાભ ડીબીટી હેઠળ આપવાના હોવાથી આપની તમામ શાળા/કોલેજો/યુનિવર્સિટીના વિધાર્થીઓના બેન્ક એકાઉન્ટ ખોલાવવાની કામગીરી પૂર્ણ કરાવી લેવાના રહેશે. આ અંગેનું પોર્ટલ ચાલુ થાય ત્યાં સુધીમાં પણ અન્ય તમામ આનુષાંગિક કામગીરી પૂર્ણ કરાવી લેવા જણાવવામાં આવે છે.

નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા. ગાંધીનગર